# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-09-2026** **Midday : 2.30 to 2.35 pm**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

**(સમાચારને અંતે)**

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

---------------------------------------------------------------------

**આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)**

**(CLOSING MUSIC)**

# VGGS ROAD SHOW MUMBAI

મુંબઈમાં હૉટેલ ધ તાજમહાલ પેલેસ ખાતે વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક સંમેલન 2027ના ઉપલક્ષ્યમાં આજે રોડ-શૉ એટલે કે , રોકાણકારોને આકર્ષવા યોજાતી બેઠકોનો પ્રારંભ થયો. આ પ્રસંગે ઉપસ્થિત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહિન્દ્રા ગૃપના ચેરમેન આનંદ મહિન્દ્રા સાથે સંવાદ કર્યો. બંને મહાનુભાવોએ ગુજરાતમાં મહિન્દ્રા ગૃપનો ગુજરાતમાં વ્યાપ વધારવા, ખાસ કરીને ઇલેક્ટ્રિક વાહન માળખાકીય સુવિધામાં મોટાપાયે તક શોધવા , ભવિષ્યના ગતિશીલતા ઉકેલ અને ગિફ્ટ સિટીમાં મહિન્દ્રા ગૃપની હાજરી સ્થાપિત કરવા અંગે ચર્ચા કરી.

દરમિયાન શ્રી પટેલ અન્ય અગ્રણી ઉદ્યોગકારો વન ટૂ વન એટલે કે , વ્યક્તિગત મુલાકાત કરશે. આ બેઠકોમાં રોકાણની નવી તક , વ્યવસાયના વિસ્તરણ અને વ્યૂહાત્મક ભાગીદારી અંગે ચર્ચા કરાશે. રોડ શૉમાં કૉન્સલ જનરલ્સ – રાજદ્વારી અધિકારીઓ પણ ઉપસ્થિત રહેશે.

# GNR BJP MEETING

ગાંધીનગરમાં ભાજપ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે ગુજરાત ભાજપ પ્રદેશના પ્રભારી તરુણ ચુગની અધ્યક્ષતામાં દિવસભર વિવિધ બેઠકનું આયોજન કરાયું છે. સવારે પ્રભારીએ તમામ જિલ્લા પ્રમુખ અને પ્રભારીઓ સાથે બેઠક યોજી. આ અંગે ગુજરાત ભાજપ પ્રદેશના મહામંત્રી પ્રશાંત કોરાટે કહ્યું, ગુજરાતના પ્રભારી પ્રદેશના વિવિધ મોરચાના અધ્યક્ષ સાથે પણ બેઠક કરશે. તેમાં આગામી આયોજન અને સંગઠનાત્મક બાબતો અંગેની ચર્ચા કરાશે.

**(BYTE: PRASHANT KORAT, PRADESH MAHAMANTRI, GUJARAT BJP)**

*પ્રદેશના વિવિધ મોરચાના પ્રમુખ, મહામંત્રીઓ અને પ્રભારીઓ સાથેની એક બેઠકનું આયોજન કરવામાં આવનાર. એ બેઠક પછી આગામી સમયમાં જે સેવા સંકલ્પ અભિયાન કાર્યક્રમ અંતર્ગત વડનગરથી વારાણસી જે યાત્રા છે અને વારાણસીથી વડનગર એ જે બાઈક યાત્રા અને જળ કળશની યાત્રા છે એ સંદર્ભમાં બૃહદ બેઠક છે. એની અંદર પણ એ ઉપસ્થિત રહેવાના છે.*

# MANSUKH MANDAVIYA STATE VISIT

કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આજથી ચાર દિવસ રાજ્યના પ્રવાસે આવશે. સત્તાવાર યાદી મુજબ , આ સમયગાળામાં તેઓ પોરબંદર, ભાવનગર અને સુરત જિલ્લા માં યોજાનારા જાહેર અને ધાર્મિક કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. આજે પહેલા દિવસે તેઓ સાંજે પોરબંદરમાં ચોપાટી મેદાનમાં શ્રીકૃષ્ણ સુદામા સાંસ્કૃતિક લોકમેળાના ભવ્ય ઉદ્ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહેશે. રાત્રે તેઓ ભાવનગરના જવાહર મેદાનમાં જન્માષ્ટમી લોકમેળામાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ તેઓ સિહોરમાં મુક્તેશ્વર મહાદેવ મંદિરમાં દર્શન કરશે.

# GAURANG VYAS DEMISE

ગુજરાતી સુગમ સંગીતના દિગ્ગજ કલાકાર ગૌરાંગ વ્યાસનું 87 વર્ષની વયે અમદાવાદમાં ગત મોડી રાત્રે અવસાન થયું. તેમણે પોતાની અનોખી અને પ્રયોગશીલ સંગીત શૈલીથી ગુજરાતી સંગીત જગતને સમૃદ્ધ બનાવ્યું. 100થી વધુ ફિલ્મો અને 500 જેટલી રચનાઓને તેમણે આશા ભોંસલે, કિશોર કુમાર, મન્ના ડે, મહેન્દ્ર કપૂર, સુમન કલ્યાણપુર, ભુપિન્દર સિંહ અને પ્રફૂલ દવે જેવા ગાયકો પાસે "મણિયારો તે હળુ હળુ થઈ રે વિયો" અને "હુ તુ તુ તુ , જામી રમતની ઋતુ " જેવા યાદગાર ગીતો ગવડાવ્યાં હતાં.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી , કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવોએ સ્વર્ગીય ગૌરાંગ વ્યાસને શ્રદ્ધાંજલિ આપી. શ્રી મોદીએ સોશિયલ મીડિયા સંદેશમાં લખ્યું , તેમણે તેમના પિતા અવિનાશ વ્યાસની સમૃદ્ધ સંગીત પરંપરાને આગળ વધારતા ગુજરાતી સંગીતજગતમાં પોતાની વિશેષ જગ્યા બનાવી હતી. શ્રી મોદીએ કહ્યું, ગૌરાંગ વ્યાસના અવસાનથી ગુજરાતને એક પ્રતિભાશાળી કલાકાર ગુમાવ્યા છે.

કેન્દ્રીય ગૃહમંત્રીએ દિગ્ગજ સંગીતકાર ગૌરાંગ વ્યાસના અવસાનને ગુજરાતી સંગીત જગત માટે ક્યારેય ન પૂરાય તેવી ખોટ ગણાવી. તેમણે લખ્યું, અનેક ફિલ્મ અને અસંખ્ય રચનાઓમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપનારા વ્યાસજીએ પોતાની દીર્ઘ સંગીત સાધના દ્વારા અસંખ્ય હૃદયોને સ્પર્શ્યા હતા.

# VIDHANSABHA BHADA VIDHEYAK

ગુજરાત વિધાનસભાના આગામી નવ તારીખથી યોજાનારા સત્રમાં ગુજરાત ભાડા વિધેયક 2026 રજૂ કરાશે. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, રાજ્યમાં આ નવા કાયદા મુજબ, લેખિતમાં ભાડા કરાર સિવાય કોઈ પણ જગ્યા ભાડે આપી શકાશે નહીં. આ સાથે જ કાયદામાં મકાનમાલિક અને ભાડુઆતની જવાબદારીઓ પણ નક્કી કરાશે. નાયબ કલેક્ટર અથવા નાયબ મ્યુનિસિપલ કમિશનરથી ઉપરની કક્ષાના અધિકારીને ભાડા અધિકારી તરીકે નિયુક્ત કરાશે. જોકે , સરકારી મિલકતો અને ધાર્મિક ટ્રસ્ટને આ કાયદામાંથી મુક્તિ અપાશે.

# KUTCH EARTHQUAKE

કચ્છમાં આજે ભૂકંપના આંચકાઓ અનુભવાયા. સવારે પોણા 11 વાગ્યે આવેલા આ ભૂકંપનું કેન્દ્ર બિન્દુ દુધઈથી 24 કિલોમીટર દૂર નોંધાયું. જ્યારે રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ત્રણ માપવામાં આવી હોવાનું ગાંધીનગરની ભૂકંપશાસ્ત્રીય સંશોધન સંસ્થા દ્વારા જણાવાયું.

# BAVALIYA MODHWADIA RAJUAAT

રાજકોટના જસદણ અને વિંછીયા તાલુકામાં અપૂરતા વરસાદના કારણે પશુપાલકોને પડી રહેલી મુશ્કેલીને લઈને શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી કુંવરજી બાવળિયાએ વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાને મળીને રજૂઆત કરી. તેમણે કહ્યું , અબોલ પશુઓ માટે ચરિયાણ અને ઘાસચારાની વિકટ સમસ્યા સર્જાતા માલધારીઓ અને પશુપાલકોને ઊંચા ભાવે ઘાસચારો ખરીદવાની ફરજ પડી રહી છે.

તેમણે વનવિભાગ હસ્તકની વાડીમાં પશુ ચરિયાણ માટે મંજૂરી આપવા શ્રી મોઢવાડિયા સમક્ષ માગ મૂકી. સાથે જ તેમણે પશુપાલકોને રાહત મળે તે માટે સકારાત્મક નિર્ણય લેવા પણ અપીલ કરી.